CITY pulse

email: citypulse@gujaratmitra.in

ગુજરાતમિત્ર

શુક્રવાર ૧૭ જુલાઈ, ૨૦૨૬



# કેબમાં સુરક્ષિત કોણ?

## વડોદરામાં એપ આધારિત કેબ સેવાઓનો વધતો ઉપયોગ, પરંતુ સુરક્ષા અને ફરિયાદ નિવારણ અંગે હજુ પણ અનેક સવાલો

વડોદરામાં ઓલા, ઉબર, રેપિડો સહિતની એપ આધારિત કેબ સેવાઓનો ઉપયોગ છેલ્લા કેટલાક વર્ષોમાં નોંધપાત્ર રીતે વધ્યો છે. એરપોર્ટ, રેલવે સ્ટેશન, એમ.એસ. યુનિવર્સિટી, આઈટી કંપનીઓ અને શહેરના પશ્ચિમ વિસ્તારમાં રોજિંદા હજારો લોકો એપ આધારિત કેબ પર નિર્ભર છે. એક ક્લિકમાં વાહન, ડિજિટલ પેમેન્ટ અને ભાડાની પારદર્શિતા જેવી સુવિધાઓએ મુસાફરી સરળ બનાવી છે, પરંતુ જ્યારે ગેરવર્તન, અસુરક્ષિત ડ્રાઈવિંગ, વધારાના ભાડાની માંગ, રાઈડ રદ કરવા દબાણ અથવા અકસ્માત જેવી ઘટના બને ત્યારે મુસાફરો માટે ન્યાય મેળવવાની પ્રક્રિયા મુશ્કેલ બનતી હોવાનું અનેક મુસાફરો જણાવી રહ્યા છે. ઘણા કિસ્સાઓમાં ફરિયાદ કર્યા બાદ મુસાફરોને માત્ર AI આધારિત ઓટોમેટેડ જવાબ મળે છે. ગંભીર ફરિયાદમાં જવાબદાર અધિકારી સાથે સીધી વાત કરવાની સુવિધા ન મળતી હોવાના કારણે અસંતોષ વધી રહ્યો છે. સુરક્ષા નિષ્ણાતોના મતે, ટેક્નોલોજી સાથે માનવીય સહાય અને સમયબદ્ધ કાર્યવાહી પણ એટલી જ જરૂરી છે. ઉબરના સત્તાવાર ડેટા મુજબ વડોદરામાં સરેરાશ 19 મિનિટની રાઈડનો ખર્ચ આશરે 196 છે અને શહેરમાં 24×7 સેવા ઉપલબ્ધ છે. બીજી તરફ વડોદરા મહાનગરપાલિકાની 'માય વડોદરા' એપમાં પણ મહિલાઓ અને વરિષ્ઠ નાગરિકો માટે પેનિક બટનની સુવિધા આપવામાં આવી છે. ગુજરાતમાં ડિજિટલ ટ્રાફિક અમલ હેઠળ જાન્યુઆરી-2026 દરમિયાન 6.89 લાખ ઈ-ચલણ જારી કરાયા હતા, જે માર્ગ સુરક્ષા માટે વધતી ટેક્નોલોજીનો સંકેત આપે છે. બીજી તરફ લોકસભામાં રજૂ થયેલા આંકડા મુજબ 2024માં ગુજરાતમાં 1,902 હિટ એન્ડ રન કેસ નોંધાયા હતા, જે દરરોજ સરેરાશ પાંચ કેસ જેટલા થાય છે. આ પરિસ્થિતિમાં એપ આધારિત મુસાફરીની સુરક્ષા વધુ મહત્વનો મુદ્દો બની રહ્યો છે.

'ભારત ટેક્સી' સેવામાં લોન્ચ પહેલાં 1,50,000 લાખ ડ્રાઇવર અને 7,00,000 ગ્રાહકોની નોંધણી




### સાવચેતી એ જ શ્રેષ્ઠ સુરક્ષા : તમારી મુસાફરીને બનાવો સુરક્ષિત



આજના આધુનિક યુગમાં ઓલા, ઉબેર કે રેપિડો જેવી એપ્લિકેશન્સ દ્વારા મુસાફરી કરવી ઘણી સરળ બની ગઈ છે, પરંતુ આપણી સુરક્ષાની જવાબદારી સૌથી પહેલા આપણી પોતાની છે. કોઈપણ રાઇડમાં બેસતા પહેલા આ નાનકડું પગલું તમારા પરિવારની ચિંતાને દૂર કરી શકે છે. જેમ કે રાઇડર આવે ત્યારે તેની અને વાહનની વિગતો ધ્યાનથી તપાસો. રાઇડરનો ફોટો, વાહનનો નંબર અને તમારી 'લાઇવ લોકેશન' તમારા પરિવાર કે નજીકના મિત્રો સાથે શેર કરો. ટેકનોલોજીનો ઉપયોગ સુરક્ષા માટે કરવામાં જ સમજદારી છે. યાદ રાખો, તમે સુરક્ષિત છો તો જ આ સફર આનંદદાયક છે. સાવચેતી સાથેની સફર જ તમને ઘરે કુશળતાપૂર્વક પહોંચાડે છે. તમારી સુરક્ષાની દોર હંમેશા તમારા પોતાના હાથમાં રાખો.

**અમિ શાહ,** ફેશન ડિઝાઈનર

### 'લાઈવ લોકેશન ટ્રેકિંગ' અને 'ઈમરજન્સી બટન' ફીચર્સ આત્મવિશ્વાસ આપે છે



આજના સમયમાં જ્યારે આપણે કામકાજ માટે સતત બહાર નીકળતા હોઈએ છીએ, ત્યારે મુસાફરીની સુરક્ષા સૌથી વધુ મહત્વની બની જાય છે. ઘણીવાર લોકોને પ્રશ્ન થાય છે કે શું એપ-આધારિત ટેક્સી કે બાઈક રાઈડ સલામત છે ? મારા વ્યક્તિગત અનુભવ મુજબ, આ રાઈડ્સ ખૂબ જ સુરક્ષિત છે. એપમાં મળતા 'લાઈવ લોકેશન ટ્રેકિંગ' અને 'ઈમરજન્સી બટન' જેવા ફીચર્સ મને આત્મવિશ્વાસ આપે છે કે હું સુરક્ષિત છું. ડ્રાઈવરની વિગતો અને રાઈડની વિગતો પણ તરત જ મળી જતી હોવાથી મુસાફરી કરતી વખતે કોઈ ચિંતા રહેતી નથી. એક સ્વતંત્ર મહિલા તરીકે, પોતાની સુરક્ષાનું ધ્યાન રાખવું અને ટેકનોલોજીનો સ્માર્ટ રીતે ઉપયોગ કરવો તે ખૂબ જરૂરી છે.

**પ્રિયા કામરા,** સોશિયલ વર્કર

### મોડી રાતની મુસાફરી હોય તો પણ હવે સુરક્ષાની ચિંતા નહી



છેલ્લા ઘણા સમયથી હું કેબ સેવાનો ઉપયોગ કરું છું. મહિલાઓ અને યુવતીઓ માટે આ એક ખૂબ જ સારી સુવિધા સાબિત થઈ છે. એપમાં આપવામાં આવેલું SOS બટન મુશ્કેલ સમયમાં તાત્કાલિક પોલીસ કે પરિવારનો સંપર્ક કરવાની સુવિધા આપે છે. મોડી રાત સુધી ચાલતી લાયબ્રેરી, કોચિંગ ક્લાસ કે પ્રોજેક્ટ વર્ક માટે હવે યુવતીઓ નિશ્ચિંત થઈને આવ-જા કરી શકે છે. ઓલા-ઉબેર જેવી આધુનિક કેબ સેવાઓએ મહિલાઓ, યુવતીઓ અને વિદ્યાર્થીનીઓની સુરક્ષા, આત્મનિર્ભરતા અને સુવિધામાં મહત્વનો ફાળો આપ્યો છે. રાત્રિના સમયે મુસાફરી હોય કે રોજિંદા કામકાજ, હવે પરિવહન ઝડપી અને સુરક્ષિત બન્યું છે.

**વૈદેહી મોદી,** સોશ્યલ વર્કર

*એપ આધારિત કેબ સેવાઓએ વડોદરામાં મુસાફરીને ઝડપી અને અનુકૂળ બનાવી છે, પરંતુ મુસાફરોનો વિશ્વાસ ત્યારે જ મજબૂત બનશે જ્યારે ટેક્નોલોજી સાથે પારદર્શક ફરિયાદ નિવારણ, અસરકારક માનવીય સહાય અને જવાબદારીની સ્પષ્ટ વ્યવસ્થા પણ ઉપલબ્ધ થશે.*

#### મુસાફરો માટે 7 સુરક્ષા ટીપ્સ

- બેસતા પહેલાં નંબર પ્લેટ ચકાસો
- OTP અજાણ્યા વ્યક્તિને ન આપો
- Live Location પરિવાર સાથે શેર કરો
- SOS બટનનો ઉપયોગ કેવી રીતે કરવો તે જાણો
- રાત્રે પાછળની સીટ પર બેસવાનું પસંદ કરો
- ગેરવર્તન થાય તો Screenshot/Recording સાચવો
- ઘટના બાદ એપ અને પોલીસ બંનેમાં ફરિયાદ નોંધાવો

#### મુખ્ય ફરિયાદો

- મહિલા મુસાફરો સાથે અસભ્ય વર્તન
- નશો કરીને વાહન ચલાવવું
- જોખમી અને બેદરકાર ડ્રાઇવિંગ
- વધારાના પૈસાની માંગ
- રાઇડ રદ કરવા દબાણ
- રૂટ બદલીને વધુ ભાડું વસૂલવું
- વ્યક્તિગત નંબર પર સંપર્ક કરીને હેરાનગતિ

#### AI ચેટબોટ પૂરતું નથી, માનવીય સહાયની જરૂર કેમ?



મોટાભાગની કેબ કંપનીઓ ફરિયાદ માટે AI ચેટબોટ અથવા પૂર્વનિર્ધારિત વિકલ્પો આપે છે, પરંતુ ગંભીર ઘટનામાં મુસાફરોને તરત અધિકારી સાથે વાત કરવાની તક મળતી નથી.

| 19 મિનિટ-રૂપિયા 196 | 6,89,000 | 1,902 |
|---|---|---|
| વડોદરામાં ઉબરની સરેરાશ રાઇડનો ભાવ અંદાજિત | ઈ-ચલણ રાજ્યમાં જાન્યુઆરી-2026 દરમિયાન ઇસ્યૂ થયાં | 2024માં ગુજરાતમાં હિટ એન્ડ રન કેસ (દરરોજ સરેરાશ 5) |

#### ટેકનોલોજી સાથે જવાબદારી પણ એટલી જ જરૂરી

- દરેક ગંભીર ફરિયાદની સ્વતંત્ર તપાસ
- ફરિયાદના પરિણામની માહિતી મુસાફરને આપવી
- નિયમ ભંગ કરનારા ડ્રાઇવરો સામે કડક કાર્યવાહી
- મહિલાઓ માટે અલગ સુરક્ષા પ્રોટોકોલ
- સરકાર, પોલીસ અને કેબ કંપનીઓ વચ્ચે ઝડપી માહિતી વહેંચણી અને 24×7 માનવીય કસ્ટમર સપોર્ટ ફરજિયાત બનાવવો

---

## વડોદરાની આકાંક્ષા જડિયાની 'Art Rays' બાળકોમાં સર્જનાત્મકતા, આત્મવિશ્વાસ અને કલ્પનાશક્તિનું કરી રહી છે સિંચન

# મોબાઈલથી દૂર... રંગોની દુનિયા તરફ



### વિજ્ઞાનથી કલાની સફર - શોખને બનાવ્યો સમાજ પરિવર્તનનો આધાર

"દરેક બાળક એક કલાકાર બનીને જન્મે છે... જરૂરી છે તો માત્ર તેની અંદરની સર્જનાત્મકતાને યોગ્ય દિશા આપવાની." - **આકાંક્ષા જડિયા**

આજના ડિજિટલ યુગમાં બાળકોનો મોટાભાગનો સમય મોબાઈલ ફોન, ટેબ્લેટ અને અન્ય ગેજેટ્સની સ્ક્રીન સામે પસાર થાય છે. સ્ક્રીન ટાઈમના વધતા પ્રમાણને કારણે બાળકોના શારીરિક અને માનસિક વિકાસ અંગે માતા-પિતાની ચિંતા વધી રહી છે. આવા સમયમાં વડોદરાની કલાકાર અને ઉદ્યોગસાહસિક આકાંક્ષા જડિયા પોતાની સંસ્થા Art Rays દ્વારા બાળકોને સ્ક્રીનની દુનિયાથી બહાર કાઢી રંગો, બ્રશ અને સર્જનાત્મકતાની દુનિયા સાથે જોડવાનો સફળ પ્રયાસ કરી રહ્યા છે.ઝૂલોજી અને ટોક્સિકોલોજી જેવા વિજ્ઞાન વિષયોમાં ઉચ્ચ અભ્યાસ પૂર્ણ કર્યા બાદ આકાંક્ષાએ લગભગ ત્રણ વર્ષ સુધી વૈજ્ઞાનિક ક્ષેત્રમાં કામ કર્યું હતું.પરંતુ સતત કમ્પ્યુટર સ્ક્રીન સામે કામ કરતાં તેઓ પોતાના સર્જનાત્મક સ્વભાવથી દૂર થઈ રહ્યા હોવાનો અનુભવ કરવા લાગ્યા. અંતે તેમણે બાળપણથી રહેલા ચિત્રકલા, પેઈન્ટિંગ અને રંગોળીના શોખને વ્યવસાય અને સમાજસેવાના માધ્યમમાં પરિવર્તિત કરવાનો નિર્ણય લીધો. વર્ષ 2023માં શરૂ થયેલી Art Rays આજે અનેક બાળકો માટે સર્જનાત્મક અભ્યાસનું કેન્દ્ર બની ગઈ છે. Art Raysમાં પેઈન્ટિંગ, સ્કેચિંગ, રંગોળી આર્ટ, ક્રિએટિવ ક્રાફ્ટ, બાળકો માટે આર્ટ વર્કશોપ, આર્ટ એક્ઝિબિશન અને લાઈવ ડેમો જેવી કળાઓ શીખવાડાય છે








**બ્રશ, રંગો અને કલ્પનાશક્તિથી ઘડાઈ રહ્યું છે બાળકોનું વ્યક્તિત્વ**

Art Rays દ્વારા નિયમિત રીતે પેઇન્ટિંગ, સ્કેચિંગ, રંગોળી, ક્રાફ્ટ વર્કશોપ અને સર્જનાત્મક તાલીમનું આયોજન કરવામાં આવે છે. અહીં બાળકોને માત્ર ચિત્ર દોરતા શીખવવામાં નથી આવતું, પરંતુ તેમની કલ્પનાશક્તિ, આત્મવિશ્વાસ, ધીરજ અને સમસ્યાઓને નવી રીતે વિચારવાની ક્ષમતા વિકસાવવામાં પણ ભાર મૂકવામાં આવે છે.આકાંક્ષા જડિયાનું માનવું છે કે કલા માત્ર શોખ નથી, પરંતુ બાળકના સર્વાંગી વિકાસનું શક્તિશાળી સાધન છે. જ્યારે બાળક પોતાના હાથથી કંઈક સર્જે છે ત્યારે તે પોતાની લાગણીઓ વ્યક્ત કરવાનું શીખે છે, એકાગ્રતા વધે છે અને આત્મવિશ્વાસ પણ મજબૂત બને છે. પરિણામે ગેજેટ્સ પરની નિર્ભરતા ઘટે છે અને પરિવાર સાથેનો ગુણવત્તાયુક્ત સમય પણ વધે છે.વડોદરાથી શરૂ થયેલી આ પહેલ આજે અનેક પરિવારો માટે પ્રેરણારૂપ બની છે. સ્ક્રીનની ચમક કરતાં રંગોની દુનિયા બાળકોના જીવનમાં વધુ હકારાત્મક પરિવર્તન લાવી શકે છે તેનો જીવંત પુરાવો Art Rays બની રહ્યું છે.

---

# "સેવા પરમો ધર્મ"

## માનવ માત્રમાં ભગવાન જોવાની ભાવનાને સાર્થક કરતા દેવાંગ જેટલી

**વર્ષ ૨૦૦૧માં કેન્સર અને વર્ષ ૨૦૦૫માં હાર્ટ એટેકનો ભોગ બન્યા પછી જીવન જીવવાનો સંપૂર્ણ માર્ગ જ બદલી દીધો**

સેવા પરમો ધર્મ અને માનવ માત્રમાં ભગવાન જોવાની ભાવનાને સાર્થક કરતા શહેરના ૬૭ વર્ષિય દેવાંગ જેટલીએ ભગવાને તેમને આપેલા બીજા જીવનને સમાજના ઉપયોગમાં લગાવ્યું છે. જેના થકી અનેક લોકોને લાભ થઇ રહ્યો છે, જે સમાજના બીજા લોકોએ શીખવા જેવી બાબત છે. વર્ષ ૨૦૦૧માં કેન્સર અને વર્ષ ૨૦૦૫માં હાર્ટ એટેકને મ્હાત આપનાર ઈલોરાપાર્ક વિસ્તારમાં રહેતા દેવાંગ ઈન્દ્રવદન જેટલીએ જણાવ્યું હતું કે, વર્ષ ૨૦૦૧માં કેન્સરનો ભોગ બન્યો અને ૧૮ મહિનામાં આત્મ બળથી તબીબી સહાય વગર તેને મ્હાત આપી ત્યારબાદ વર્ષ ૨૦૦૫માં હાર્ટ એટેક આવતા સ્ટેન્ટ મૂકાવ્યું પણ ભગવાનની કૃપાથી મને બીજું જીવન પ્રાપ્ત થયું. બીજું જીવન મળતા જ વર્ષ ૨૦૧૧માં નક્કી કર્યું કે ભગવાને આપેલા નવા જીવનને સમાજની સેવામાં લગાવી દેવુ છે. જેથી લાઈન્સ ક્લબ અને પોલીસની સાથે મળીને વિવિધ સેવાકાર્ય કરવાની શરૂઆત કરી. જે અંતર્ગત અત્યાર સુધીમાં શાળામાં ભણતા હજારો વિદ્યાર્થીઓને ટ્રાફિક અવેરનેસના સેમીનાર કરીને ટ્રાફિકના કાયદાઓથી અવગત કરાવ્યા અને રોડ સેફ્ટી પેટ્રોલિંગ યુનિટ, ટ્રાફિક શાખા સાથે મળીને ઈન્ડસ્ટ્રીના લાખો કર્મચારીઓને ઈન્ડસ્ટ્રી સેફ્ટીથી વાકેફ કર્યા. વડોદરા પોલીસ સાથે મળીને શહેરના વિવિધ સર્કલ પર ટ્રાફિક સિગ્નલનું પાલન કરતા અને હેલ્મેટ પહેરનાર ચાલકોનું સન્માન કરીને તેમને ઘરમાં સુખાકારી આપનાર તુલસીના છોડ પણ આપ્યા. આપણા સુધી જીવન જરૂરિયાતની વસ્તુઓ પહોંચાડતા ટ્રક અને રિક્ષા ચાલકોની આંખોના વિઝનનું ધ્યાન રાખતા દર વર્ષે ત્રણસો જેટલા રિક્ષા અને ટ્રક ચાલકોનું આઈ ચેકઅપ કરાવીએ છીએ અને જેને જરૂર જણાય તેને ચશ્મા પણ આપીએ છીએ.



**હજારો રિક્ષા અને ટ્રક ડ્રાઈવરોનું આઇ ચેકઅપ કરાવ્યું**





### પોલીસ તેમજ તેમના પરિવારોનું દરવર્ષે હેલ્થ ચેકઅપ

આ સાથે સાથે આપણી રક્ષા કરનાર પોલીસ અને તેમના પરિવાર માટે દર વર્ષે હેલ્થ ચેકઅપનું આયોજન કરાય છે, જેનો લાભ પોલીસ કર્મી અને તેમના પરિવારના સભ્યો લેતા હોય છે. હાલના સમયમાં અનેક દુર્ઘટનાઓ થાય છે ત્યારે લોકોને જો તાત્કાલિક CPR આપવામાં આવે તો તેમનો જીવ બચી જતો હોય છે ત્યારે શહેરના અનેક લોકોને CPR ની તાલીમ આપીને તેમને હેલ્થ સિપાહી બનાવ્યા. ઉપરાંત ઉત્તરાયણના સમયે નાગરિકોના ગળા ચાઈનીઝ દોરાથી ના કપાય તે માટે નાગરિકોમાં ખાસ સેફ્ટી નેક બેલ્ટનું પણ વિતરણ કરવામાં આવે છે. છેલ્લા ૧૫ વર્ષથી ચાલતી આ અને આવી અનેક સેવાકાર્ય કરીને લોકોના જીવનમાં ખુશહાલી લાવવાનો પ્રયાસ હાથ ધરાયો છે અને તે જીવનના અંતિમ ચરણ સુધી કરાશે. ઉલ્લેખનીય છે કે, પોઇચા સ્થિત ક્રિષ્ણા કેમિકલના સ્થાપક દેવાંગ જેટલીએ આત્મનિર્ભર ભારતને વેગ આપવાના આશય સાથે વડોદરા અને તેની આજુબાજુમાં આવેલી જીઆઇડીસીના અનેક ઉદ્યોગકારોને મલ્ટીનેશનલ કંપની સાથે જોડીને એક યૂનિક ઉદ્યોગ નેટવર્ક ઉભુ કર્યું છે. જેના થકી હાલમાં ઉદ્યોગકારો યુ.એસ.એ., કેનેડા અને યુરોપ જેવા અનેક દેશમાં વ્યાપાર કરી રહ્યા છે.